# રાજ્યમાં નવા ૩૭૧ કેસ, ૨૪ મૃત્યુ

## અમદાવાદમાં ૨૩૩ નવા કેસો સપાટીએ : કોરોનાની કેસોની સંખ્યા ૧૨૯૧૦, કુલ મૃત્યુઆંક ૭૭૩ પહોંચી ગયો છેઃ અમદાવાદમાં ૨૪ કલાકમાં ૨૪ના મોત

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસના કેસ ઓછા થવાનું નામ જ લઈ રહ્યું નથી. ત્યારે સરકાર પર કોરોના વાયરસને લઈને સર્તક રહેવાનું કઈ રહી છે. ગુજરાતમાં ધંધો રોજગાર ફરીથી ચાલુ કરી દીધા છે પરંતુ લોકોને પણ સર્તક રહેવાની જરૂર છે. આજે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૭૧ કેસ સપાટીએ આવ્યા છે અને ૨૪ લોકોના મોત થયા છે. આના સિવાય ૨૦૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત મોકલવામાં આવ્યા છે. કોરોના વાયરસની કુલ કેસોની સંખ્યા ૧૨૯૧૦ અને કુલ મૃત્યુઆંક ૭૭૩પર પહોંચી ગયો છે. આજે અમદાવાદમાં ૨૩૩, સુરતમાં ૩૪, વડોદરામાં ૨૪, મહેસાણા ૧૩, મહીસાગર ૯, અરવલ્લી ૭, ગીર-સોમનાથ ૬, કચ્છમાં ૪, જામનગર, સાબરકાંઠા, દાહોદ, નવસારી ૩-૩, નર્મદા ૨, જુનાગઢ ૨, જ્યારે પંચમહાલ ખેડા પાટણ ૧-૧ કેસ સપાટી પર આવ્યા છે.

લોકડાઉનમાં જીવન અઘરું હતું. સરકારે પોતાની તમામ તાકાત લગાવી દીધી. લોકડાઉન દરમિયાન છેવાડાના માનવી સુધી અનાજ પહોંચાડવામાં આવ્યું છે. એક જ મહિનામાં ચાર ચાર વખત અનાજ આપવામાં આવ્યું છે. ૮ લાખથી વધુ શ્રમિકોને તેમના વતન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨ મહિના પછી નિયમોને આધિન લોકડાઉનની છૂટ આપવામાં આવી છે. ત્યારે કોરોના વોરિયર્સની ભૂમિકા મહત્વની બની જાય છે. અત્યારસુધી ઘરમાં હતા એટલે સુરક્ષિત હતા. હવે કોરોનાની સાથે જીવવાનું છે અને કોરોનાની સામે લડવાનું છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૯૪૪૯ | ૬૧૯ | ૩૩૩૦ |
| સુરત | ૧૨૨૭ | ૫૭ | ૮૨૩ |
| વડોદરા | ૭૫૦ | ૩૨ | ૪૭૦ |
| ગાંધીનગર | ૧૯૮ | ૧૧ | ૯૦ |
| ભાવનગર | ૧૧૪ | ૦૮ | ૮૪ |
| બનાસકાંઠા | ૯૯ | ૦૪ | ૭૮ |
| આણંદ | ૮૫ | ૦૯ | ૭૫ |
| રાજકોટ | ૮૨ | ૦૨ | ૫૫ |
| અરવલ્લી | ૯૩ | ૦૩ | ૭૫ |
| મહેસાણા | ૯૩ | ૦૪ | ૫૧ |
| પંચમહાલ | ૭૨ | ૦૬ | ૫૮ |
| બોટાદ | ૫૬ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૭૭ | ૦૧ | ૩૮ |
| ખેડા | ૫૪ | ૦૨ | ૨૬ |
| પાટણ | ૬૯ | ૦૪ | ૨૫ |
| જામનગર | ૪૬ | ૦૨ | ૨૫ |
| ભરૂચ | ૩૭ | ૦૩ | ૨૬ |
| સાબરકાંઠા | ૫૨ | ૦૩ | ૨૦ |
| ગીર-સોમનાથ | ૩૪ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૩૨ | ૦૦ | ૧૮ |
| છોટાઉદેપુર | ૨૨ | ૦૦ | ૧૪ |
| કચ્છ | ૬૧ | ૦૧ | ૦૬ |
| નર્મદા | ૧૫ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૦૪ |
| વલસાડ | ૧૭ | ૦૧ | ૦૪ |
| નવસારી | ૧૪ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૧૫ | ૦૦ | ૦૩ |
| પોરબંદર | ૦૫ | ૦૦ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૧૬ | ૦૦ | ૦૩ |
| મોરબી | ૦૨ | ૦૦ | ૦૨ |
| તાપી | ૦૩ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૨ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૫ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૨૯૧૦ | ૭૭૩ | ૫૪૮૮ |

# સામાન્ય લોકો માટે એસટી બસ સેવા શરૂ કરાઈ

### રાજ્યમાં કેન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સેવા : એક દિવસમાં રાજ્યમાં ૨૩૦૬૯ યાત્રીએ પરિવહનનો લાભ લીધો : લોકડાઉનના નિયમોનું પાલન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યમાં કોરોના મહામારી સામે જુસ્સાભેર લડીને આર્થિક અને વ્યાવસાયિક પ્રવૃત્તિની સાથે સાથે સામાજિક જીવન પૂર્વવત કરવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા. ૧૯મી મેથી લૉકડાઉન-૪માં ચોક્કસ નિયમો સાથે વિવિધ છૂટછાટો આપી છે. જેના ભાગરૂપે રાજ્યભરમાં કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં ગઈકાલ તા. ૨૦મી મે થી સવારના ૮.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન સામાન્ય નાગરિકોને પરિવહન સેવા પૂરી પાડવાનો એસ.ટી નિગમ દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રથમ દિવસે એટલે કે, તા. ૨૦મી મેના રોજ એક જ દિવસમાં રાજ્યભરમાંથી ૨૩,૦૬૯ જેટલાં મુસાફરોએ ફરજીયાત માસ્ક પહેરવા સહિત સામાજિક અંતર જાળવીને આ પરિવહન સેવાનો લાભ લીધો છે તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની જનતા અને સમગ્ર એસ.ટી. ટીમને અભિનંદન આપ્યા છે તેમ મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આપતાં જણાવ્યું હતુ. તેમણે કહ્યું કે,



ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા અંદાજે બે માસ બાદ સામાન્ય મુસાફરો માટે પુનઃ શરૂ કરાયેલ પરિવહન સેવામાં પ્રથમ દિવસે તા. ૨૦મી મેના રોજ ૪૬ એક્સપ્રેસ અને ૬,૫૪૫ લોકલ ટ્રીપ એમ કુલ ૬,૬૦૦ જેટલી ટ્રીપના માધ્યમથી સવારે ૮ થી સાંજે ૬.૦૦ કલાક સુધીમાં ૨૩,૦૬૯ લોકોએ પરિવહન સેવાનો લાભ લીધો છે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ જણાવ્યું હતુ કે, ગુજરાત એસ.ટી. દ્વારા લૉકડાઉન દરમિયાન પણ રોજે-રોજ કોઈને કોઈ ખાસ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. શ્રમિકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાની કામગીરી હોય અથવા ખાસ રાહત સંબંધિત કોઈ કામગીરી હોઈ કે કોઈ સ્પેશ્યલ ઓપરેશન હોય, એસ.ટી.ના પૈડા અટક્યા નથી. એસ.ટી. સતત કામ કરી રહી છે જેના માટે સમગ્ર એસ.ટી. નિગમની ટીમ અભિનંદનને પાત્ર છે તેમ તેમણે ઉમેર્યું છે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, પ્રવર્તમાન સંજોગોમાં મુસાફરો ઈ-ટીકીટ અથવા મોબાઈલ ટીકીટ મારફતે મુસાફરી કરે તે ઈચ્છનીય છે. તેમ છતાં સામાન્ય મુસાફરોને અગવડતા ન પડે તે માટે સોશિયલ ડીસન્ટસીંગનું પાલન થાય તે રીતે બસ સ્ટેન્ડ પરના કાઉન્ટર પરથી તેમજ બસમાં કંડકટર મારફતે રોકડ નાણાથી પણ ટીકીટ આપવામાં આવે છે. મુસાફરે બસ ઉપડતા પહેલાં ઓછામાં ઓછા ૩૦ મિનીટ પહેલા બસ સ્ટેન્ડ પર પહોંચવાનું રહેશે. બસની ક્ષમતાના ૬૦ ટકા મુસાફરો સાથે સંચાલન કરવામાં આવે છે. દરેક બસ ટ્રીપ પૂર્ણ થયેથી સેનેટાઈઝ કરીને બીજી ટ્રીપમાં ઓપરેટ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ કહ્યુ કે, માસ્ક પહેરેલ હોય તેઓને જ બસ સ્ટેન્ડ કે ડેપોમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. મુસાફરોના સ્વાસ્થ્ય માટે બસ સ્ટેન્ડમાં પ્રવેશ સમયે જ ટેમ્પરેચર ચેક કરીને કોરોનાના લક્ષણ વિનાના મુસાફરોને જ પ્રવેશ આપવામાં આવે છે. સોશિયલ ડીસ્ટન્સિંગનું પાલન થાય તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે છે. બસમાં બેસતા તમામ મુસાફરોને સેનેટાઈઝરથી હાથ સાફ કરી બસની અંદર પ્રવેશ તેમજ બસમાં મુસાફરોને બેસતા અને ઉતરતા સમયે પણ સોશિયલ ડીસન્ટસીંગનું પાલન કરવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે, હાલના તબક્કે સમગ્ર અમદાવાદ જિલ્લા સિવાય રાજયના બાકીના તમામ જિલ્લાઓમાં એસ.ટી. નિગમના સામાન્ય સંચાલનના ભાગરૂપે બસનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જયારે ગાંધીનગર શહેરથી અમદાવાદ શહેર વચ્ચે તેમજ આંતરરાજ્ય સંચાલન સંપૂર્ણ બંધ રાખવામાં આવ્યુ છે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રીએ કહ્યું હતુ કે રાજયના પાંચ ઝોનમાં એસ.ટી. નિગમ દ્વારા તબક્કાવાર કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તર ઝોનમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મધ્ય ઝોનમાં ખેડા, પંચમહાલ, મહીસાગર, વડોદરા, દાહોદ, આંણદ, છોટાઉદેપુર, દક્ષિણ ઝોનમાં સુરત, વલસાડ, તાપી, ડાંગ, ભરૂચ, નવસારી, નર્મદા, સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટ, મોરબી, જુનાગઢ, પોરબંદર, બોટાદ, ભાવનગર, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા તેમજ કચ્છ ઝોનમાં ભુજથી ઉત્તર ઝોન અને સૌરાષ્ટ્ર ઝોનના મુખ્ય શહેરોને બસ દ્વારા જોડીને સંચાલન કરવામાં આવી રહ્યું છે.

### પોલીસી તૈયાર કરશે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાશે. કોરોનાના મહામારીના કાળમાં સાચા અર્થમાં જરૂરીયાત મુજબ મહત્તમ કુંટુબો અલબત્ત નાગરિકોને યોજનાનો લાભ મળે તે મુખ્ય ઉદ્દેશ્ય છે. જરૂરિયાતવાળા નાગરિકોને ધિરાણ મળે અને સરકારની યોજના ફળીભુત થાય તે મુજબ ટુંકમાં જ આખરી આયોજન કરી દેવાશે. બેંક આ માટે સ્પેશિયલ ટીમ પણ બનાવશે આગામી શુક્રવાર સુધીમાં ફોર્મનુ વિતરણ શરૂ થઈ જશે જયારે આગામી ઓગષ્ટ મહીના સુધી ફોર્મ વિતરણ કરાશે જયારે નવેમ્બર મહીના સુધી ધિરાણ પણ કરવામાં આવશે. કોરોનાના કપરા કાળમાં સરકારે તૈયાર કરેલા મહત્વના આત્મનિર્ભર કાર્યક્રમને વેગ મળે અને નાના અને મધ્યમવર્ગના વેપારીઓને આ યોજનાનો મહત્તમ લાભ મળે તે મુજબ બેંક કક્ષાએથી શ્રેષ્ઠ કામગીરી કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં સ્થાનિક કક્ષાએ લાભાર્થીઓ બાકી ન રહે તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે.

### પ્રારંભ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે આવ્યું છે અને આપણે છેલ્લા બે માસથી સ્થગિત થયેલા જનજીવન, આર્થિક પ્રવૃત્તિઓ, આવશ્યક સેવાઓ અને વસ્તુઓ તથા કામગીરીને તબક્કાવાર ધીરે ધીરે છૂટછાટો સાથે પૂર્વવત કરતા જઈએ છીએ. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે એનો મતલબ એવો જરા પણ નથી કે કોરોના જતો રહ્યો છે. આપણે સૌએ કોરોના સામે સાવધાની અને સતર્કતાથી તેમજ સમજદારીથી રોજિંદી પ્રવૃત્તિઓ ગોઠવવી પડશે. વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે હવે આ બધી રોજિંદી પ્રવૃત્તિઓ માટે ઘર બહાર નીકળવાનું છે. ધંધા-રોજગાર વ્યવસાય સાથે તબક્કાવાર પૂનઃ જોડાવાનું છે ત્યારે હરેક વ્યકિત સ્વયં સંકલ્પ કરે કે બેદરકારી નહિં દાખવે, સ્વયં શિસ્ત જાળવી નિયમો પાળશે અને 'હું પણ કોરોના વોરિયર'ના ત્રણ મહત્વપૂર્ણ સંકલ્પોનું પાલન પણ અવશ્ય કરશે. તેમણે હું મારા વડીલ-વયસ્ક વૃદ્ધોને અને બાળકોને ઘરની બહાર નહિ નીકળવા દઉ, માસ્કનો અવશ્ય ઉપયોગ કરીશ અને કામ વગર ઘરની બહાર નીકળીશ નહિ તથા દો ગજની દૂરી-સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવીશ એ ત્રણ સંકલ્પ આ અભિયાન તહેત પ્રત્યેક વોરિયર લે અને કાયમ તેનું પાલન કરે તેવી પૂનઃ અપિલ પણ કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાતના ભવ્ય વિકાસના ઈતિહાસને આગળ ધપાવવા સૌએ કોરોના સામેની લડાઈ સફળતાએ પાર પાડવી જ પડશે એવી પ્રેરણા આપતાં ઉમેર્યુ કે, યુદ્ધ મેદાનમાં ઉતરેલા યોદ્ધા જેમ જ નિયમો, છૂટછાટોના પાલન સાથે આ કોરોના યુદ્ધ લડવાનું છે. વિજયભાઈ રૂપાણીએ 'હું પણ કોરોના વોરિયર'ના આ અભિયાનમાં તા.૨૨મી મે શુક્રવારે સેલ્ફી વીથ દાદા-દાદી, તા.૨૪મી મે રવિવારે માસ્કના સુરક્ષા કવચ સાથે સેલ્ફી વીથ માસ્ક તેમજ તા.૨૯મી મે એ આરોગ્ય સેતુ એપ સૌએ ડાઉનલોડ કરવાના નવતર પ્રયોગો પણ સૌ હેઝટેગ ''હું પણ કોરોના વોરિયર'' સાથે સોશીયલ મિડીયા પ્લેટફોર્મ પર અપલોડ કરે તેવો આગ્રહ કર્યો હતો. મુખ્યમંત્રીએ સમાજ સમસ્તને આ કેમ્પેઈન-અભિયાન સામાજિક દાયિત્વની જિમ્મેદારી સાથે માથે લઈ સફળ બનાવવા અનુરોધ કરતાં જણાવ્યું કે, પૂજય મોરારીબાપૂ, રમેશભાઈ ઓઝા જેવા સંતવર્યો અને સંગીત, સાહિત્ય, પત્રકારિતા, કલા જગત, મહિલા, યુવા અગ્રણીઓ પણ આ સમગ્ર અભિયાનમાં આપણું માર્ગદર્શન કરીને પ્રેરણાબળ આપવાના છે. તેમણે વિવિધ જિલ્લા મથકોએ ઉપસ્થિત રહેલા સંતવર્યો, સ્વામીનારાયણ સંતો, રમતવીરો, ધર્મ સંપ્રદાયોના વડાઓ, શિક્ષણ જગતના પ્રતિષ્ઠિતો, લાયન્સ કલબ, ચેમ્બર ઓફ કોમર્સ, સેવાસંગઠનોના પ્રતિનિધિઓના પ્રતિભાવો પણ વિડીયો સંવાદમાં મેળવ્યા હતા અને આ અભિયાનમાં સહયોગી થવામાં તેમની ભૂમિકા વિશે માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમારે આ સમગ્ર અભિયાન મુખ્યમંત્રીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શનમાં યોજાઈ રહ્યું છે તેની ભૂમિકા સાથે સૌને આવકાર્યા હતા.

### બેકાબૂ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર પહોંચ્યો છે. ૩ દિવસ પહેલા જ આ સંખ્યા એક લાખને પાર પહોંચી હતી. આ સપ્તાહ દર્દીઓની સંખ્યા પહેલા કરતા વધી ગઈ છે. હવે દર ૨ દિવસે ૧૦ હજારથી વધુ સંક્રમિત વધી રહ્યા છે, અને રોજ દોઢ હજારથી વધુ દર્દીઓ સાજા થઈ રહ્યા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યાં પ્રમાણે, છેલ્લાં ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાઈરસના ૫૬૦૯ કેસ નોંધાયા છે, જ્યારે ૧૩૨ દરદીઓના મૃત્યુ થયા છે.. જો તેને પ્રતિ કલાકની રીતે જોઈએ તો ભારતમાં એક પછી એક લોકડાઉન-૪ સુધી પહોંચવા છતાં પ્રતિ કલાકે ૨૩૩ પોઝીટીવ કેસ નોંધાયા છે અને દર કલાકે ૫ લોકોના મૃત્યુ થયા છે. ગઈ કાલે બુધવારે પણ ૫ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં હતા. હાલ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૧૨,૩૫૯એ પહોંચી છે, જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ૬૩,૬૨૪ છે. કોરોના વાઈરસના કારણે દેશમાં મૃત્યુ પામનારની સંખ્યા ૩,૪૩૫ છે.

ભારતમાં કોરોના વાઈરસનો ફેલાવો સતત વધી રહ્યો છે અને સતત બીજા દિવસે ૫,૬૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ સામે આવ્યા છે. ૨૪ કલાક પહેલા જ્યાં ૫,૬૧૧ નવા કેસ સામે આવ્યા હતા તો ગુરૂવારે સવારે ૮ કલાક સુધીમાં વધુ ૫,૬૦૯ પોઝિટિવ દર્દીઓ સામે આવ્યા છે.

### નરસંહાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્વિટમાં કહ્યું, 'ચીનનાં પ્રવક્તાઓ મૂર્ખ વાતો કરે છે અને તેમનો દેશ અને દુનિયાની હત્યાકાંડથી દુખાવો દૂર કરવાનો પ્રયાસ કરે છે. તેનો પ્રચાર અને અમેરિકા અને યુરોપ પરનો પ્રચાર હુમલો એ અપમાન છેપ તે બધું ટોચ પરથી થઈ રહ્યું છે. તે મુશ્કેલીને સરળતાથી રોકી શક્યો હોત, પણ તે ન માન્યો. ટ્રમ્પે કોરોના વાયરસના વિશ્વવ્યાપી ફેલાવા માટે ચીનને દોષી ઠેરવ્યું હતું અને તેના પર અસમર્થતાનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું, ચાઈનામાં કેટલાક બેભાન લોકો નિવેદન જારી કરે છે અને ચીન સિવાયના દરેકને વાયરસ માટે જવાબદાર ઠેરવે છે, જેના કારણે હજારો લોકો માર્યા ગયા છે. કૃપા કરીને આ મૂર્ખ વ્યક્તિને સમજાવો કે તે ચીનની અસમર્થતા હતી, જેનાથી સમગ્ર વિશ્વમાં સામૂહિક મૃત્યુ થયા હતા.

### ધરપકડ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાનોએ વિસ્તારમાં તપાસ અભિયાન હાથ ધર્યુ. આ દરમિયાન ત્રણ આતંકવાડીઓને ઝડપી પાડ્યા. થોડાક દિવસ પહેલા જ આ ત્રણ આતંકવાદીઓની તસવીર સોશિયલ મીડિયામાં વાઈરલ થઇ હતી. ત્યારબાદથી સુરક્ષા ટીમ સતર્ક બની હતી.

દર વર્ષે મનાવવામાં આવતો આતંકવાદ વિરોધી દિવસ આ વર્ષે આજે બંધ રૂમમાં મનાવવામાં આવશે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખતા આ દિવસ પર નિવારક પગલાં લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સર્ક્યુલર અનુસાર સૂચિત કરવામાં આવ્યુ છે કે ૨૧મે ના રોજ તમામ સરકારી કાર્યાલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદી વિરોધની પ્રતિજ્ઞા લેવામાં આવી શકે છે.

### ભારે તારાજી... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

ગૃહમંત્રીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર દરેક નાગરિકની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. અમિત શાહે કહ્યું, 'હું પશ્ચિમ બંગાળ અને ઓડિશાના લોકોને ઘરની અંદર રહેવા અને તમામ સૂચનાઓનું પાલન કરવા અપીલ કરું છું. હું બધાની સુરક્ષા અને કલ્યાણ માટે પ્રાર્થના કરું છું. ' આ ચક્રવાતથી પશ્ચિમ બંગાળમાં ૧૨ લોકો માર્યા ગયા છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું નુકસાન પહોંચ્યું છે. વરસાદ અને જોરદાર પવનને કારણે ઓડિશામાં પાક, ઝાડ અને માળખાગત સુવિધાને નુકસાન થયું છે. ભારે વરસાદ અને ૧૯૦ કિ.મી. પ્રતિ કલાકની પવન સાથે અફાન બુધવારે બપોરે ૨.૩૦ વાગ્યે પશ્ચિમ બંગાળના દિખા કાંઠે પહોંચ્યો હતો. આ પછી રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદ અને તોફાન આવ્યા હતા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી મંગળવારે રાત્રે રાજ્ય સચિવાલયમાંથી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું કે 'અમ્ફાન'ની અસર પણ કોરોના વાયરસથી તીવ્ર છે. કોલકાતામાં ૧૨૫ કિ.મી. પ્રતિ કલાકની પવન કારો પલટી ગઈ. ઘણા મહત્વના માર્ગો ઝાડ અને સ્તંભોને જડમૂળથી બાંધી દેવામાં આવ્યા હતા. કોલકાતા અને અન્ય અસરગ્રસ્ત જિલ્લાઓના મોટા ભાગોમાં વીજળીની નિષ્ફળતા છે કારણ કે ઈલેક્ટ્રિક થાંભલા ઉથલાવી દેવામાં આવ્યા છે. એક હજારથી વધુ મોબાઈલ ટાવરોને

નુકસાન થતાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ પણ બંધ છે. વરિષ્ઠ રાજ્ય અધિકારીઓએ કહ્યું કે, જાનમાલના નુકસાનની આકારણી કરવી ખૂબ જ વહેલી તકે છે કારણ કે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચવું શક્ય નથી. પશ્ચિમ બંગાળના કૃષિ વિભાગના જણાવ્યા અનુસાર બર્દવાન, પશ્ચિમ મિદનાપુર અને હુગલી જિલ્લામાં ડાંગરનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. એનડીઆરએફ અને રાજ્ય આપત્તિ રાહત દળ (એસડીઆરએફ) ની ટીમો રસ્તાઓ સાફ કરવા માટે યુદ્ધના ધોરણે કામ કરી રહી છે. રસ્તાઓ સાફ કરવા માટે ભારે મશીનરીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે ઝાડ કાઢવાના કારણે વિક્ષેપિત થયા છે. ઘણા આશ્રયસ્થાનોમાં, લોકો કોવિડ -૧૯ વૈશ્વિક રોગચાળાને કારણે ખાદ્યપદાર્થો અને સામાજિક અંતરના નિયમોનો ભંગ કરતા જોવા મળ્યા હતા. રાજ્ય સરકાર પાંચ લાખથી વધુ લોકોને સલામત સ્થળોએ લઈ ગઈ. દરિયાકાંઠાના રાજ્યોમાં તોફાન આવ્યા બાદ અમ્ફાન તોફાન બાંગ્લાદેશ તરફ આગળ વધ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે, આગામી બેથી છ કલાકમાં ચક્રવાત ક્રીંડા દબાણના ક્ષેત્રમાં અને ત્યારબાદ દબાણના ક્ષેત્રમાં ફેરવાશે. આ બંને તબક્કાઓ ચક્રવાતને વધુ નબળા કરવા સૂચવે છે. આઈએમડીએ જણાવ્યું હતું કે વાવાઝોડાની અસરને કારણે આવતા ૧૨ કલાક દરમિયાન મેઘાલય અને પશ્ચિમ આસામમાં ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે. અમ્ફાન પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી તીવ્ર ચક્રવાતનું તોફાન છે. આ ચક્રવાત દરમિયાન, બુધવારે ઓડિશાના દરિયાકાંઠેથી પશ્ચિમ બંગાળ સુધીના કલાકોમાં ૧૯૦ કિ.મી.ની ઝડપે પવનને કારણે વિનાશ અને ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે ઘરો અને ખેતરો પાણીમાં ડૂબી ગયા હતા.



**પાલ ગ્રામ પંચાયત દ્વારા મનરેગાનું કામ શરૂ કરાતા શ્રમિકોમાં આનંદ**

વિજયનગર તાલુકાના પાલ ગામની પાલ ગ્રામ પંચાયત ધ્વારા મનરેગા યોજના અંતર્ગત કામકાજ શરૂ કરાતા શ્રમિકોમાં આનંદની લાગણી પ્રસરી છે. દઢવાવ ગામમાં મનરેગા યોજના અંતર્ગત કોરોના વાઈરસની મહામારી દરમ્યાન રાજ્ય સરકારની ગાઈડ લાઈન અનુસાર કામકાજના સ્થળે શ્રમિકોને માસ્ક, સેનેટાઇઝરનો ઉપયોગ, સોશિયલ ડિસ્ટન્સિંગની જાળવણી રાખી રોજગાર શરૂ કરાતા શ્રમિકોમાં આનંદની લાગણી પ્રસરી છે.

# ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાએ ઘરવેરામાં ઝીંકેલો વધારો મોકૂફ રાખવા માંગ

### બાકી ઘરવેરાની વસુલાતમાં ૧૦% દંડકીય વ્યાજમાંથી મુક્તિ આપવાની પણ કરાઈ માંગ

કોરોનાની મહામારીને પગલે સમગ્ર દેશ લોકડાઉન છે. ત્યારે આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા લોકો માટે પ્રધાનમંત્રીએ અધધ..રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે. ત્યારે ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા નગરજનોને રાહત આપવાને બદલે નિચોવાનું કામ કરી રહી છે. ત્યારે પાલિકા દ્વારા ઘરવેરામાં કરાયેલા ૧૦% નો વધારો મોકૂફ રાખવા અને પાછલી વેરા વસુલાતમાં ૧૦% દંડકીય વ્યાજમાંથી મુક્તિ આપવાની માંગ નગરસેવક અમૃત જોશીએ કરી છે.કોરોના મહામારીને લઈને લાંબા સમય થી લોકડાઉન છે. ત્યારે પાલનપુર શહેર માં પ્રજાજનોના ધંધા-રોજગાર બંધ છે. જેને પગલે પ્રજાજનો ઘણીજ આર્થિક માનસિક- શારીરિક કટોકટીનો સામનો કરી રહ્યા છે. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા માર્ચના અંતિમ અઠવાડિયામાં લોક ડાઉન હોવાને કારણે વેરો લેવાનું બંધ કરવામાં આવેલ હતું.

તેથી પ્રજાજનો માર્ચ મહિનામાં વેરો ભરી શક્યા નથી. જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતો પ્રમાણે પ્રજાજનો પાસેથી પાછલી બાકીની રકમ પેટે ૧૦% ટકા દંડકીય વ્યાજ વસૂલી શકાય નહીં. પરંતુ પાલનપુર નગરપાલિકા દ્વારા વ્યાજ વસૂલવામાં આવી રહ્યું છે તે ગેરવ્યાજબી છે. ત્યારે બાકી રકમ ઉપર ૧૦% દંડકીય વ્યાજ માંથી મુક્તિ આપવા પાલિકા સદસ્ય અમૃત જોષી(દાઢી) એ રજૂઆત કરી હતી. આ ઉપરાંત કોરોનાના કહેર વચ્ચે આર્થિક રીતે તૂટી ગયેલા શહેરીજનો પર ચાલુ વર્ષે ૧/૪/ ૨૦૨૦ થી ૩૧/૩/૨૦૨૧ ના ઘરવેરામાં પણ પાલનપુર નગરપાલિકા દ્વારા ૧૦% કમરતોડ વધારો ચાલુ વર્ષમાં ઝીંકવામાં આવેલ છે. જે વેરા વધારો પણ આ વર્ષ પૂરતો મોકૂક રાખવા રજૂઆત કરી છે.

**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.૧ / ૨૦૧૯-૨૦**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, બ્લોક નં. 'એ' પ્રથમ માળ, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૧૧ (અગિયાર) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૭૭૪૯૨.૨૫ની છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ : ૨૬/૫/૨૦૨૦ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ ૨૮/૫/૨૦૨૦ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણતરીમાં લેવામાં આવશે.

માહિતી/૧૦૯/૨૦-૨૧